## 'જીવન આસ્થા' હેલ્પલાઈનનું સ્તુત્ય પગલું
# વિદ્યાર્થીઓની સુરક્ષા માટે વિદ્યાર્થીઓ સજ્જ રહ્યા



ગાંધીનગર, તા. ૨૧

ધોરણ ૧૦ ના પરિણામ દરમિયાન કોઈ વિદ્યાર્થી નાસીપાસ થઈ ને કેનાલમાં ઝંપલાવે નહીં તે માટે આજે 'જીવન આસ્થા' હેલ્પલાઈન, 'રાધે-રાધે ગ્રુપ' તથા સર્વ નેતૃત્વ ટીમ દ્વારા જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ પર ચાર જગ્યાએ પહેરો ભરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ બળબળતી બપોરમાં ૪૩ ડિગ્રી તાપમાનમાં પણ સેવાકીય પ્રવૃત્તિમાં તન-મનથી જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ચારેક વર્ષથી બોત્તની પરીક્ષાના રિઝલ્ટના સમયે નર્મદા કેનાલ પર પહેરો ભરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૯ વ્યક્તિઓના જીવ બચાવવામાં સફળતા મળેલ છે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષામાં નાસીપાસ થતા વિદ્યાર્થિઓ અંતિમ પગલું ભરવા માટે કેનાલ સુધી આવે છે. આપઘાત કરવા આવેલ વ્યક્તિઓને અટકાવી જો તેમનું યોગ્ય કાઉન્સેલિંગ કરવામાં આવે તો તે પોતાનો વિચાર બદલી શકે છે. ભુતકાળમાં આપઘાત કરવા આવેલ વિદ્યાર્થીઓ અને અન્ય વ્યક્તિઓને કાઉન્સેલિંગ મારફતે સમજાવવામાં 'જીવન આસ્થા'ને સફળતા મળી છે. ત્યારબાદ દર વર્ષે બોર્ડની પરીક્ષાના પરિણામ ટાણે નર્મદા નહેર પહેરો ભરવાની પરંપરા નિભાવવામાં આવે છે.

તાજેતરમાં ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહનાં પરિણામો ટાણે પણ' જીવન આસ્થા' હેલ્પલાઈનના સ્ટાફ દ્વારા આપઘાત કરવા આવેલ એક મહિલાનું યોગ્ય કાઉન્સેલિંગ કરીને તેમનું જીવન બચાવાયું હતું.

આગામી સમયમાં ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહનું પરીણામ હોવાથી વિદ્યાર્થીઓને 'જીવન આસ્થા'ના સ્ટાફ દ્વારા આત્મઘાતી પગલું ભરતાં રોકવામાં આવશે.

# બીએસસી પ્રવેશ : ૧૩ હજાર બેઠકો માટે ૧૪,૫૩૨ અરજી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ધો.૧૨ સાયન્સનું પરિણામ આવ્યા પહેલા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન શરૂ કરાયું હતું. ગુજરાત બોર્ડનું પરિણામ આવ્યા બાદ તા.૧૫મીથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. હાલમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. જેમાં કુલ ૧૪,૫૩૨ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બીએસસીમાં હાલમાં ૧૩ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આમ, સાયન્સમાં પ્રવેશ માટે કોઈ સમસ્યા ઊભી થાય તેમ છે. જોકે, ગતવર્ષની સરખામણીમાં આ વર્ષે ચાર હજાર જેટલું ઓછું રજિસ્ટ્રેશન થયું છે.

યુનિવર્સિટી સાથે હાલમાં સાયન્સની કુલ ૩૧ કોલેજો જોડાયેલી છે. જેમાં ૭ ગ્રાન્ટેડ, ૩ સરકારી, અને બાકીની સ્વનિર્ભર કોલેજો છે. ચાલુ વર્ષે સાત જેટલી નવી સાયન્સ કોલેજોને મંજૂરી આપ્યા બાદ બેઠકોની કુલ સંખ્યા ૧૩ હજાર સુધી પહોંચી છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે તા.૬થી ૨૦મી સુધીની મુદત આપવામાં આવી હતી. આ મુદત પુરી થઈ ચુકી છે.

૧૪,૫૩૨ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. દરવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ઊંચી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓએ પણ સાયન્સમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જે ઊંચી ટકાવારી ધરાવે છે તે વિદ્યાર્થીઓ ડિગ્રી ઈજનેરી અને મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા બાદ સાયન્સ કોલેજોમાં બેઠકો ખાલી કરી દેતા હોય છે. આ સ્થિતિમાં ખરેખર સાયન્સ કોલેજોમાં અભ્યાસ કરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓની સંખ્યા જોઈએ તો અંદાજે ૧૨ હજાર જેટલી થાય તેમ છે. આમ, આ વર્ષે સાયન્સ કોલેજોમાં જે પ્રકારે રજિસ્ટ્રેશન થયું છે તેનો આંકડો અને હયાત બેઠકોનો આંકડો જોતાં બેઠકો વધારે હોવાનું પ્રસ્થાપિત થાય છે.

પૂરક પરીક્ષા અથવા તો રિ-એસેસમેન્ટમાં પાસ થનારા વિદ્યાર્થીઓ જ ખરેખર સાયન્સ કોલેજોમાં પ્રવેશ લેતાં હોય છે. આ સ્થિતિમાં સાયન્સ કોલેજોએ પૂરક પરીક્ષામાં પાસ થાય તેવા વિદ્યાર્થીઓ પર આશા રાખવી પડે તેમ છે. હાલ તો પહેલા રાઉન્ડ માટે રજિસ્ટ્રેશન પૂર્ણ થતાં હવે તા.૨૪મીએ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાશે. જેના આધારે તા. ૨૭મીના રોજ પહેલા રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવશે.

## વિદ્યાર્થીઓ માટે શિક્ષકોનું સમયદાન

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં ૧૦ જૂન સુધી ઉનાળુ વેકેશન છે ત્યારે નબળા વિદ્યાર્થીઓ ધો.૩માં મુશ્કેલી ન અનુભવે તે માટે વેકેશન દરમિયાન ૨૫ દિવસ સુધી રોજના બે કલાકનું શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ હોઈ રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર કરી શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટરને સ્વૈચ્છીક રીતે સમયદાન કરવા અપીલ કરી હતી. રાજ્યની ૩૨,૭૫૦ સરકારી પ્રાથમિક શાળા પૈકી ૭૬૦૦ શાળાના શિક્ષકો સમયદાન માટે આગળ આવ્યા છે અને હાલમાં તેઓ ૬૦ હજાર વિદ્યાર્થીઓને સમયદાન દ્વારા ધો.૩ માટે તૈયાર કરી રહ્યા છે. રાજ્યની ૩૨,૭૫૦ શાળા પૈકી ૨ હજાર શાળાના ધો.૨ના તમામ બાળકો ધો.૩માં જવા સક્ષમ છે. બાકીની ૩૦ હજાર શાળામાં સમયદાનની જરૂર હોઈ ફરીથી શિક્ષણ વિભાગ દ્વારા શાળાના શિક્ષકોને સમયદાન માટે અપીલ કરાઈ છે. જોકે, આ સમગ્ર કવાયતમાં કોઈ વિદ્યાર્થીને ધો.૨માં રોકી રાખવામાં આવશે નહીં. ૩૦ હજાર શાળા પૈકી કોઈ સ્કૂલમાં ધો.૨ના ૫ બાળક, કોઈ સ્કૂલમાં ૧૦ તો કોઈમાં ૧૫ બાળકો હજુ તૈયાર થયા નથી.

## ડાયરેક્ટ ❤ સે

સંબંધ માપવાનાં કોઈ
ત્રાજવાં નથી હોતાં
વ્યક્તિનું વર્તન જ
કહી દે છે કે
કોણ કેટલું કિંમતી છે

## જન્મદિને વધામણી



અંકિત મહેશભાઈ પટેલ
મો. ૮૦૭૪૦ ૬૭૬૬૧



નંદિની જિતેન્દ્ર પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## ગોલ્ડન કટાર આર્ટિલરી બ્રિગેડ દ્વારા શરૂ કરાયેલું
# સ્ટુડન્ટ આઉટરિચ અભિયાન ધ્રાગંધ્રા પહોંચ્યું





ગાંધીનગર, તા. ૨૧

ગોલ્ડન કટાર ડિવિઝનના નેજા હેઠળ ગોલ્ડન કટાર આર્ટિલરી બ્રિગેડ દ્વારા શરૂ કરવામાં આવેલ સ્ટુડન્ટ આઉટરિચ અભિયાન ૨૦ મે, ૨૦૧૯નાં રોજ ગુજરાતનાં ધ્રાગંધ્રાની શિખર પબ્લિક સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે યોજાયું હતું. આ અભિયાનમાં શિખર પબ્લિક સ્કૂલનાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ સામેલ થયાં હતાં. વિદ્યાર્થીઓને ભારતીય સેનામાં કારકિર્દીની સંભવિતતાઓ પર ટૂંકમાં જાણકારી આપવામાં આવી હતી, વિવિધ પ્રવેશ યોજનાઓ તથા પગાર અને ભથ્થાં વિશે માહિતી આપવામાં આવી હતી. સશસ્ત્ર દળમાં જીવનશૈલી દર્શાવતી પ્રેરક ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ભારતીય સેનાનાં જીવન પર ફિલ્મ જોઈને રોમાંચનું અનુભવ થયો હતું અને તેમણે સશસ્ત્ર દળોમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ યુવાન વિદ્યાર્થીઓનાં મનમાં ઉઠેલા પ્રશ્નોનાં જવાબ આપવા માટે પ્રશ્નોત્તરી સત્રનું આયોજન થયું હતું. આ પ્રેરક વાતમાં ભારતને મજબૂત કરવાનાં વિચાર અને રાષ્ટ્રીય મૂલ્યનો જીવંત કરવા ભારતીય સૈન્યનાં સિદ્ધાંતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ અભિયાનનો ઉદ્દેશ યુવાનો વચ્ચે રાષ્ટ્રવાદ અને દેશભક્તિની ભાવના જગાવવાનો હતો, જેથી તેમને ભારતીય સેનામાં જોડાવા પ્રેરણા મળે.

# સીબીએસસીની નવી પહેલ : ટૉપર્સની ઉત્તરવહીઓ અભ્યાસ માટે અપાશે

ગાંધીનગર, તા. ૨૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ટોપર્સની ઉત્તરવહીઓ સેમ્પલ તરીકે બહાર પાડી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાની પહેલ શરૂ કરવામાં આવશે. અત્યાર સુધી બોર્ડ દ્વારા પરીક્ષાના ત્રણ માસ પહેલા સેમ્પલ પેપર બહાર પાડતું હતું, પરંતુ હવે બોર્ડ દ્વારા ટોપર્સની ઉત્તરવહીઓ સેમ્પલ તરીકે તૈયાર કરી શાળાઓમાં અભ્યાસ માટે આપશે. જેની મદદથી વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા દરમિયાન કઈ રીતે સારા માર્ક મેળવી શકાય તે જાણી શકશે. ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ આ સેમ્પલ ઉત્તરવહીઓ અભ્યાસમાં લાવવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

અત્યાર સુધી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને આઈસીએસઈ બોર્ડ દ્વારા પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને મહાવરો મળી રહે તે માટે સેમ્પલ પેપર બહાર પાડવામાં આવતા હતા. જેની મદદથી વિદ્યાર્થીઓ પરીક્ષાની અંતિમ સમયની તૈયારી કરી શકતા હતા. જોકે, હવે બોર્ડ દ્વારા પોતાના ટોપર્સની ઉત્તરવહીઓને સેમ્પલ તરીકે બહાર પાડી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનું નક્કી કરાયું છે. CBSE સાથે ICSE બોર્ડ પણ આ યોજનાને અમલમાં મૂકવા જઈ રહ્યું છે. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ખૂબ જ ફાયદો થશે.

હાલમાં CBSE અને ICSE બોર્ડ સંલગ્ન શાળાઓમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું છે. સંભવતઃ ૧૦ જૂનથી શાળાઓ ફરી રાબેતા મુજબ ચાલુ થઈ જશે. ત્યારબાદ શાળાઓમાં ટોપર્સની ઉત્તરવહીઓનો અભ્યાસ કરાવવામાં આવશે. આ અંગેની સૂચનાઓ ટૂંક સમયમાં જ શાળાઓમાં મોકલી દેવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધો.૯થી લઈને ધો.૧૨ સુધી આ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે. ધો.૯ અને ધો.૧૦માં ધો.૧૦ના અને ધો.૧૧ અને ધો.૧૨માં ધો.૧૨ના ટોપર્સની ઉત્તરવહીઓને સેમ્પલ તરીકે આપવામાં આવશે.

# કવિની વાણી 'શબદની સરવાણી'

ભાષા, રચનારીતિ, છંદ, ગેયતા, રસ વગેરેની દૃષ્ટિએ ચારણી સાહિત્ય પોતાની આગવી ઓળખ ધરાવે છે. કંઠ પરાપરામાં, હસ્તપ્રતમાં સચવાયેલું ચારણી સાહિત્ય હવે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસનો એક ભાગ બન્યું છે.




ભારતીય સાહિત્યની વિવિધ ધારાઓમાં ચારણી સાહિત્યનું સ્થાન મૂલ્યવાન છે. માનવ જીવનમાં મૂલ્યો, આદર્શો, ધર્મભાવના, ઈતિહાસ અને ભાષા જેવા અનેક દૃષ્ટિબિંદુઓથી આ સાહિત્ય સમૃદ્ધ છે. ભારતીય સંસ્કૃતિની અનેક બાબતો એમાં સચવાયેલી અકબંધ રહેલી છે. ચારણી સાહિત્ય સંસ્કૃતિનું મહિમાગાન કરતું સાહિત્ય છે. આવા ચારણી સાહિત્ય-લોકસાહિત્યના ચૂંટેલા લેખોના સંપાદનની વાત છે.

'સરવાણી શબદની'ના સંપાદક ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટની આર્થિક સહાયથી પ્રકાશિત કરાયેલ આ પુસ્તકને ડૉ. રાજેશ મકવાણા 'સારભુત સંપાદન' તરીકે લેખાવે છે. લોકવાર્તા, લોકસાહિત્ય તેમજ ચારણી સાહિત્યનાં પુસ્તકોનાં અવલોકન, વિવેચન, સંશોધન લેખો તેમજ લોક સાહિત્યકાર, કલાકારના ચરિત્ર લેખો મળી કુલ ૩૧ લેખોનું ચયન કરી તેને ગ્રંથસ્થ કરાયું છે. પ્રથમ દોલત ભટ્ટની 'માલુભા રાણા' અને દાન અલગારીની લોકવાર્તા 'મેરા કસબ દેખિયે નવાબ સાહબ' લોકસમાજના નાયકોની ઝાંખી કરાવે છે. ચારણી સાહિત્યના તજજ્ઞ અને વિદ્વાન અભ્યાસુ ડૉ. અંબાદાન રોહડિયાનો 'લોક પરંપરા અને દુહો' દીર્ઘ લેખ




ધ્યાનાર્હ છે. શિવદાન ગઢવીનો 'માતાયુંને મહેલ ન સદે' ચરિત્રાત્મક લેખ છે. 'શબ્દોનો લડવૈયો : દોલત ભટ્ટ' લેખમાં તખતદાન રોહડિયા 'દાન અલગારી'એ સુંદર રેખાચિત્ર આલેખ્યું છે. ચારણ સર્જક પરિચય-૧ વિશે ડૉ. બિપીન આશર, સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ વિશે પ્રિ. ધીરજ થણાક અને ગંગાસતીની સંતવાણી વિશે વી એસ ગઢવીએ અભ્યાસપૂર્ણ ગ્રંથાવલોકન આપ્યું છે. દુલા કાગ : તેમના રામ અને રામાયણ લેખમાં ડૉ. મનોજ રાવલે કાગની કવિ પ્રતિભાને મૂલવી છે. એ જ રીતે 'કવિશ્રી કાગની કહેણી' વિશે મનુભાઈ ગઢવીનો લેખ મહત્ત્વપૂર્ણ લાગે છે.

બળવંત જાની અને અંબાદાન રોહડિયા સંપાદિત 'સ્વર્ગ ભુલાવું શામળા'ની સમીક્ષા ડૉ. રમણીકલાલ છ મારુએ 'મર્મસ્પર્શી દુહાઓના સર્જક પાલરવભા' નામે આપી છે. રતુદાન રોહડિયા અને અંબાદાન રોહડિયા સંપાદિત સાંયાજી ઝુલાની સમીક્ષા ડૉ. એમ આઈ પટેલ દ્વારા 'રુકમણી હરણ' નામે મળે છે. ડૉ. અંબાદાન રોહડિયાના 'સાહિત્યાભિમુખ'ની સમીક્ષા ડૉ. બિપીન આશરે કરી છે.

'અલખનો આરાધક ત્રિકમ સાહેબ' લેખ ડૉ. મહેશચંદ્ર પંડ્યા તરફથી મળે છે. જ્યારે 'કવિતાના કડવા ઘૂંટડા' નામે શિવદાન ગઢવીનો લેખ રાજકવિની પ્રતિભાને ઉજાગર કરે છે. ભક્ત કવિશ્રી માવલ વરસડા જીવન અને કવન લેખમાં ડૉ. બળવંત જાની ચારણી સાહિત્યના તેજસ્વી સર્જકનો પરિચય કરાવે છે.

કસુંબલ કલમનો કેફ : દોલત ભટ્ટ લેખમાં ડૉ. કેશુભાઈ દેસાઈ ગુજરાતી પ્રજાના લોકલાડિલા લેખકનું વ્યક્તિચિત્ર આલેખે છે. 'લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવી' લેખમાં શિવદાન ગઢવી, ભીખુદાનની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો છે. તો બીજા એક લેખમાં તેમણે ખેતસિંહજી મિસણનું વ્યક્તિચિત્ર આલેખ્યું છે. ડિંગળ કવિ સાંયાજી ઝુલાના 'નાગ દમણ'ની રસલક્ષી સમીક્ષા પ્રવીણ ગઢવી તરફથી મળે છે. 'અસ્મિતા અને અનુસંધાન' ચારણી અસ્મિતાના પરિચાયક એવા ગ્રંથ વિશે ડૉ. બલરામ ચાવડાએ વિગતે વાત કરી છે. 'કાગવાણી'માં મારી વિભાવનાની વાત ગીતાબેન ગઢવીના લેખમાં મળે છે. 'જાલંધર પુરાણ'નું સંશોધન-સંપાદન વિશે ડૉ. નાથાલાલ ગોહિલે વિગતે ચર્ચા કરી છે. તો ડૉ. ભરત પંડ્યા ગુજરાતી ચારણી સાહિત્યની ગતિવિધિ રજૂ કરે છે.

ચારણી સાહિત્યમાં રસ ધરાવનાર માટે આવું સુંદર સંપાદન કરી આપવા બદલ સંપાદક ધન્યવાદને પાત્ર છે.

સરવાણી શબદની
સંપાદક અને પ્રકાશક : ભરત કવિ 'ઊર્મિલ'
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮, કિંમત : રૂા. ૨૫૦/-

# ગાંધીજીનો વિનોદ

॥ ૩૫મો મણકો ॥

**૯૧ - ચાલો ભજન કરીએ**

રાજકોટ સત્યાગ્રહ વેળા ગાંધીજીએ ત્રણ પત્રો લખ્યા હતા. તેમાં તેમણે મુસલમાનો, ભાયાતો વગેરે પર બધું છોડ્યું હતું. દૂષિત માનવસ્વભાવ કેવી રીતે કામ કરે છે તેની સમજ અને જ્ઞાન સરદાર પાસે કંઈક વધુ હતાં. તેથી તેઓ ગાંધીજી પર અકળાઈ ઉઠ્યા. સરદારનો રોષ જોઈ ગાંધીજી બોલ્યા, હું જાણું છું કે મારાં બેવકૂફીભર્યાં અનેક કૃત્યોનાં પરિણામો તમારે ભોગવવાં પડે છે.

સરદાર : ના, અત્યાર સુધી તો બેવકૂફીભર્યું એકે કૃત્ય થયું નથી. પણ આ જે ત્રણ પત્રો તમે મોકલવા ઈચ્છો છો તે ચોક્કસ બેવકૂફીભર્યા છે.

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, તો તો પછી સક્રિય નેતાગીરીમાંથી મુક્ત થઈને મારે ભગવાનની ભક્તિમાં જીવન વિતાવવું ન જોઈએ ?

સરદારનો રોષ અને ગાંધીજીના વિનોદનું પરિણામ એ આવ્યું કે વાંધાજનક ત્રણે પત્રો ફાડી નાખવામાં આવ્યા.

૯૨ - ફાંસીને માંચડે પણ વિનોદ

દિલ્હીમાં વસતા ગુજરાતીઓએ રેંટિયાબારસને દિવસે ગાંધીજીને એક થેલી આપવાનું નક્કી કર્યું. થેલી અર્પણ કરવાના સમારંભમાં ગાંધીજીએ હાજર રહેવાની હા પાડી હતી. ગાંધીજી તે વેળા શરદી અને ઉધરસથી ખૂબ હેરાન થતા હતા. તેથી ગાંધીજી આરામ કરે તેવી સરદારની ઈચ્છા હતી. જ્યારે તેઓ ગાંધીજીને સમારંભમાં લઈ જવા આવ્યા ત્યારે તેમણે તેમની મજાક ઉડાવતાં કહ્યું, તમારા લોભને કંઈ થોભ છે ? થેલી લેવા માટે મરવા પડેલા હશો તોય બેઠા થઈ જશો. તમારી ઉધરસની તમે ચિંતા રાખશો તો બધી વાત થાળે પડી જશે. પણ તમે માનો એવા ક્યાં છો ?

સભામાં ગાંધીજીએ સરદારને પણ બોલવાનું કહ્યું એટલે ફરીથી તેમણે વિનોદની ધારા વહાવી, થેલી તમે લો અને બોલવાનું મારે એ ક્યાંનો ન્યાય ?

લોકોને તેમણે કહ્યું કે, પૈસા લેવા આ બુઢ્ઢો કેવો વહેલો સાજો થઈ ગયો છે ! પણ હવે તેમના પર દયા કરો.

ગાંધીજીએ વિનોદમાં સરદારની ખાસિયત વિશે કહ્યું, ફાંસીને માંચડે ચડતી વેળા પણ સરદાર એમનો વિનોદ છોડે એવા નથી.

150 ગાંધીયાત્રા



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર